GJJM100004762014

દાખલ તારીખ : 03/૧૧/૨૦૧૪
નોંધણી તારીખ: 03/૧૧/૨૦૧૪
ફેંસલ તારીખ : ૨૮/૦૪/૨૦૨૬
સમયગાળો : વર્ષ-મહીના-દીન
૧૧ - ૦૫ - ૨૫

સત્યमेव जयते

માનનીય ધ્રોલ ના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ, સ્થળ ધ્રોલ.

આંક :-

ફરિયાદી :- ગુજરાત સરકારશ્રી વતી,
અર્જુનભાઈ કેશરભાઈ ખેર
ફુડ સેફટી ઓફીસર,
રાજકોટ,

વિરુદ્ધ

આરોપીઓ :- (૧) બાવનજીભાઈ લાલજીભાઈ અધેરા
ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ,
જી.આઈ.ડી.સી, પ્લોટ નં ૧, ધ્રોલ, જી.જામનગર

(૨) છગનભાઈ કે.વાસજાળીયા
ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ,
જી.આઈ.ડી.સી, પ્લોટ નં ૧, ધ્રોલ, જી.જામનગર.

(3) કમલેશ.આર.વાસજાળીયા
ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ,

જી.આઈ.ડી.સી, પ્લોટ નં ૧, ધ્રોલ, જી.જામનગર.

(૪) અશ્વિનભાઈ.પી.બોળા

ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ,

જી.આઈ.ડી.સી, પ્લોટ નં ૧, ધ્રોલ, જી.જામનગર.

(૫) પરેશભાઈ.એમ.વાસજાળીયા

ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ,

જી.આઈ.ડી.સી, પ્લોટ નં ૧, ધ્રોલ, જી.જામનગર.

(૬) ધારેશ્વર ડેરી ફાર્મ

રેલ્વે સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી,

પ્લોટ નં ૧, ધ્રોલ, જી.જામનગર

ગુનો :- ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને તે અન્વયેના નિયમની કલમ ૨૬(૧), ૨૬(૨) (૧),૨૬(૨)(૨) અને ૨૬(૨) (૫) અને ૨૭(૧) તેમજ ૨૭(૨) (સી) (૫) મુજબનો ગુન્હો કરેલ છે અને ૫૦-૫૧ મુજબ સબસ્ટાન્ડર્ડ તથા અનસેફ ને લઈને કલમ ૫૯(૧) મુજબ દંડ અને શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

..............................................................................................................................

ફરીયાદી તર્ફે :- વિદ્વાન એ.પી.પી .શ્રી. આર. એસ. રામાણી

આરોપીઓ તર્ફે :- વિદ્વાન વકીલશ્રી બી.એચ.અનડકટ

..............................................................................................................................

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

## -: જજમેન્ટ :-


ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત ....................................................................3
આરોપીઓના જવાબ તથા વિશેષ નિવેદન ................................................................. 3
પુરાવો ........................................................................................................4
દલીલો ........................................................................................................ 6
મુદ્દાઓ ........................................................................................................ 9
મુદ્દાઓ ના નિર્ણય ..........................................................................................9
કારણો .........................................................................................................10
હુકમ ...........................................................................................................29


## 1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત :-

1.1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ હલકી ગુણવતાવાળુ દુધ વેચાણ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને તે અન્વયેના નિયમની કલમ ૨૬(૧), ૨૬(૨) (૧),૨૬(૨)(૨) અને ૨૬(૨) (૫) અને ૨૭(૧) તેમજ ૨૭(૨) (સી) (૫) મુજબનો ગુન્હો કરેલ છે અને ૫૦-૫૧ મુજબ સબસ્ટાન્ડર્ડ તથા અનસેફ ને લઈને કલમ ૫૯(૧) મુજબ દંડ અને શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

## 2. આરોપીઓના જવાબ તથા વિશેષ નિવેદન :-

2.1. હાલના કામે આરોપીઓ સામે ઉપરોકત જણાવેલ ગુના મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરિયાદના આધારે આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ અદાલતમાં હાજર થતા આરોપીઓની પ્લી આંક ૭૮ થી આંક

૮૨ સુધી લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ હોય કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ હતો.

3. **પુરાવો :-**

3.1. ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ તહોમત પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

-: મૌખિક પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી અર્જુનભાઈ કેશરભાઈ ખેર ની જુબાની | ૮૯ |
| ૨. | સાક્ષી વસંતભાઈ મગનભાઈ ઘેટીયાની જુબાની | ૧૧૯ |

-: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફોર્મ નંબર ૫-એ, | ૯૦ |
| ૨. | નમુનાના નાણાં ચુકવ્યાની પહોંચ. | ૯૧ |
| ૩. | નિયમ-૨.૪.૧ (૮) મુજબના લેબલની સ્થળપ્રત. | ૯૨ |
| ૪. | પંચનામું | ૯૩ |
| ૫. | મેમોરેન્ડમ ફાર્મ નંબર ૬ | ૯૪ |
| ૬. | એનાલીસીસ ના ફોરવર્ડીંગ પત્રની સ્થળપ્રત | ૯૫ |
| ૭. | એસ.ટી.ની પહોંચ | ૯૬ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૮. | નમુનાના ત્રણ ભાગ ડેજીગ્રેટેડને મળ્યા બાબતની પહોંચ | ૯૭ |
| ૯. | મેમોરેન્ડમ ફોર્મ તથા સીલ ઈમ્પ્રેશન અલગ થી રજી.એ.ડી. થી ફુડ એનાલીસ્ટને મોકલેલ તેની એકનોલેજમેન્ટ | ૯૮ |
| ૧૦. | ફુડ એનાલીસ્ટશ્રી વડોદરાને મેમોરેન્ડમ તથા નમુનો મળ્યા અંગેની પહોંચ. | ૯૯ |
| ૧૧. | નમુનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલાનો ફુડ એનાલીસ્ટ નો રીપોર્ટ. | ૧૦૦ |
| ૧૨. | ડેજીગ્રેટેડ ઓફીસરશ્રી, જામનગર એ આરોપીઓની માંગણી થી નમુનો રેફરલ લેબોરેટરી, ગાઝીયાબાદ નો પૃથ્થકરણ માટે મોકલેલ તે પત્ર ની નકલ. | ૧૦૧ |
| ૧૩. | નમુના સબસ્ટાન્ડર્ડ અને અનસેઈફ જાહેર કરેલ તે અંગેનો રેફરલ લેબોરેટરી, ગાઝીયાબાદ નો રીપોર્ટ ફોરવર્ડીંગ સાથે. | ૧૦૨ |
| ૧૪. | રેફરલ લેબોરેટરી, ગાઝીયાબાદ દ્વારા આપવામાં આવેલ ફોર્મ-એ ની નકલ. | ૧૦૩ |
| ૧૫. | અનસેઈફ જાહેર થયેલ નમુના બાબતે નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા માટે ડેજીગ્રેટેડ ઓફિસરશ્રી ને કરેલ રજુઆત અંગેના પત્ર. | ૧૦૪ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૧૬. | ડેજીગ્રેટેડ ઓફીસરશ્રીએ નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવા માટે ફુડ સેફટી કમિશ્નર, ગાંધીનગરને લખેલ પત્ર. | ૧૦૫ |
| ૧૭. | કમિશ્નરે નાયબ કમિશ્નરને ફરીયાદ દાખલ કરવા મંજુરી આપતો હુકમ. | ૧૦૬ |
| ૧૮. | નામદાર કોર્ટમા કેસ દાખલ કરવા માટે નાયબ કમિશ્નર (ખોરાક અને ઔષધ નિયમન તંત્ર) ગાંધીનગરનો મંજુરી આદેશ. | ૧૦૭ |
| ૧૯. | પેઢીની ભાગીદારી ડીડની નકલ. | ૧૦૮ |

ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો પુરો થતાં આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહીતા ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમજ આરોપી નંબર ૪ વતી તેમના ના વિદ્વાન વકીલશ્રી તમામ એ તેમની સામેના પુરાવો ખોટો છે તેવુ જણાવેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને આ કામે તેઓએ ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં આરોપીઓ તરફે સોગંદ પર જુબાની આપવાનો તથા સાક્ષીઓ તપાસવાનો ઈનકાર કરેલ છે જેથી હાલનો કેસ દલીલો પર રાખવામાં આવેલ છે.

## 4. દલીલો :-

4.1. ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી આર. એસ. રામાણી એ દલીલ કરેલ છે કે હાલના કેસમાં ફરીયાદી એ જુબાની આપી પુરાવો આપેલ છે કે તેઓએ આંક ૯૩ મુજબ પંચનામામાં જણાવ્યા મુજબ આરોપી નંબર ૧ પાસેથી દુધ નો નમુનો

કબજે કરેલ છે અને એ હકીકત ને આંક ૧૧૯ ના પંચ સાક્ષી વસંતભાઈ એ સમર્થન કરેલ છે જેથી આરોપી નંબર ૧ પાસેથી દુધનો નમુનો કબજે કરેલ હકીકત સાબિત થયેલ છે. વધુમાં આંક ૧૦૦ મુજબ આ કબજે કરેલ દુધ નો નમુનો સબ સ્ટાન્ડર્ડ હોવાનુ ટેસ્ટીંગ થી સાબિત થયેલ છે. વધુમાં આંક ૧૦૪ થી ૧૦૮ મુજબના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા હાલના કેસના આરોપીઓઓ આંક ૧૦૦ મુજબ નુ સબસ્ટાન્ડર્ડ વાળુ દુધ નુ વેચાણ કરતા હોવાનુ સાબિત થયેલ હોઈ હાલના કેસના આરોપીઓને દોષિત ઠરાવવા રજુઆત કરેલ છે.

4.2. વધુમાં હાલના કામે મુળ ફરીયાદી ફુડ સેફટી ઓફીસરશ્રી, જામનગર તરફે આંક ૧૨૬ થી લેખિત દલીલ આપી રજુઆત કરેલ છે કે, હાલના કેસના ફરીયાદી ની ફુડ સેફટી ઓફીસર તરીકે નિમણુક થયેલ હોઈ અને તેઓ નોટીફાઈડ કરેલ હોઈ તેઓના ટ્રેનીંગના પ્રમાપત્ર ની જરૂર રહેતી નથી. વધુમાં તેમના તરફે રજુઆત છે કે હાલના કામે આંક ૧૦૦ થી રજુ થયેલ ફુડ એનાલીસ્ટ નો રીપોર્ટ ના પેરા ૧ ની બીજી લાઈન ધ્યાને લેતા તેમાં નમુનો એસ. ટી. પાર્સલ થી મળેલ છે તેવુ લખેલ છે અને ફરીયાદી તરફે એસ. ટી. પાર્સલ ની સ્લીપ રજુ કરેલ છે જેથી નમુનો મોકલેલ છે તે સાબિત થયેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે તેઓએ હાલના કેસના આરોપીઓને રીએનાલીસીસ માટે તક આપેલ છે અને તેના આધારે રેફરલ લેબોરેટરી, ગાઝીયાબાદ નમુના નો ટેસ્ટ કરાવેલ છે જેથી આરોપીઓ ને પુરતી તક આપવામાં આવેલ છે. વધુમાં માં રેફરલ લેબોરેટરી, ગાઝીયાબાદ એ કરેલ ટેસ્ટ ના રીપોર્ટમાં પણ આરોપીઓ પાસેથી લીધેલ નમુનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે. વધુમાં તેમના

તરફે રજુઆત છે કે હાલના કેસમાં ઉપર મુજબના તમામ દસ્તાવેજો નો અભ્યાસ કર્યા બાદ જ ફુડ વિભાગના તમામ અધિકારીઓ એ માઇન્ડ એપ્લાઇ કરીને હાલની ફરીયાદ દાખલ કરેલ છે જેથી હાલના કેસના આરોપીઓને દોષ્ઠિ ઠેરવી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે.

4.3. આરોપીઓ પક્ષ તરફથી વિદ્વાન વકિલશ્રી જે.એચ.અનડકટ તરફે રજુઆત છે કે હાલના કેસમાં આંક ૧ ની ફરીયાદ ધ્યાને લેતા તેમાં સીલ કરેલ છે અને પ્રીઝરવેટીવ નાખેલ છે તેવુ જણાવેલ છે જયારે ફરીયાદી એ આંક ૮૯ થી આપેલ જુબાનીમાં પ્રીઝરવેટીવ નાખેલ છે તેવો પુરાવો આપેલ નથી જેથી રૂલ્સ નો ભંગ થયેલ છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે રૂલ્સ મુજબ સીલ ની પ્રક્રીયા કરેલ નથી તેમજ કાર્બન પેપરમાં ફરીયાદી એ નમુનો સીલ કરેલ નથી. ફરીયાદી એ પહેલા બોટલ સીલ કરેલ છે પછી બ્રાઉન પેપરમાં વીંટાળેલ છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે આંક ૯૯ ના પેરા ૧ અને ૨ માં પાર્સલ કેવી રીતે અને શેમાં મોકલેલ છે તેનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં આંક ૯૫ મુજબ નમુનો તારીખ ૨૮/૧૦/૨૦૧૩ ના રોજ એફએસએલ ને મોકલેલ છે અને આંક ૧૦૦ મુજબ તારીખ ૨૦/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ છે જે સેમ્પલ લીધા પહેલા મળી ગયેલ છે વધુમાં સેમ્પલ તારીખ ૨૫/૧૦/૨૦૧૩ ના રોજ નુ છે જેથી ફરીયાદી ની હકીકતમાં વિરોધાભાસ આવે છે. વધુમાં કલમ ૪૬(૪) મુજબ આરોપીઓને રીસેમ્પલીંગ માટે જાણ કરવી જોઇએ તેવુ કરવામાં આવેલ નથી જે ફરીયાદી એ સ્વીકારેલ છે. વધુમાં કલમ ૪૬(૩) મુજબ નમુનો ૧૪ દિવસમાં પૃથ્થકરણ કરવો જોઇએ જયારે આંક ૧૦૦ ધ્યાને

લેતા તારીખ ૨૦/૧૦/૨૦૧૩ ના રોજ નમુનો મળેલ છે અને એનાલીસીસ્ટ તારીખ ૦૬/૧૧/૨૦૧૩ થી તારીખ ૦૭/૧૧/૨૦૧૩ ના કરેલ છે જે ચૌદ દિવસ બાદ કરવામાં આવેલ છે.

વધુમાં આરોપીઓ તરફે રજુઆત છે કે સ્વતંત્ર પંચ સાક્ષી આંક ૧૧૯ ની જુબાની ધ્યાને લેતા તેઓએ સ્વીકારેલ છે કે, બોટલોમાં ધુળ હતી અને ઢાંકણા ખુલ્લા હતા. આમ, આરોપી તરફે રજુઆત છે કે હાલના કેસમાં ફરીયાદપક્ષ હાલના આરોપીઓ સામે કેસ સાબિત કરી શકેલ ન હોઇ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

5. **મુદ્દાઓ :-**

5.1. શું ફરિયાદ પક્ષની એ હકીકત સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ હલકી ગુણવતાવાળુ દુધનું વેચાણ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને તે અન્વયેના નિયમની કલમ ૨૬(૧), ૨૬(૨) (૧),૨૬(૨)(૨) અને ૨૬(૨) (૫) અને ૨૭(૧) તેમજ ૨૭(૨) (સી) (૫) મુજબનો ગુન્હો કરેલ છે અને ૫૦-૫૧ મુજબ સબસ્ટાન્ડર્ડ તથા અનસેફ ને લઈને કલમ ૫૯(૧) મુજબનો ગુનો કરેલ છે ?

5.2. શું હુકમ ?

6. **મુદ્દાઓ ના નિર્ણય :-**

6.1. નકારમાં.

6.2. આખરી હુકમ મુજબ.

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

**<u>-: કારણો :-</u>**

7. ફરિયાદપક્ષ ના પૂરવાનું મૂલ્યાંકન કરતા પહેલા ફોજદારી કાર્યવાહીમાં પૂરાવાનું મૂલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

7.1. ફોજદારી કાયદા મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિશંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતા ના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપી પક્ષ ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

7.2. જ્યારે કોઈ કિસ્સામાં ફરિયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરિયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતું નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતો માં વિરોધાભાસી અને અસંગતતા ભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરિયાદ પક્ષની વિપરીત જાય છે.

7.3. ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૩૪ લક્ષમાં લેતા કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદો ની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહિ, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદો ના પુરાવાની વિશ્વસનીયતા મહત્વની છે.

7.4. ફોજદારી કાયદાનો એ સિદ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કંઈ પણ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધિત

હકીકતો અને સંજોગો આધારિત હોય છે અને તે ચુકાદો હકીકતો પર આધારિત ચુકાદો ગણાય છે અને તેથી જે તે ચુકાદો હાથ પર ના કેસની હકીકતોમાં આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ પરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

8. હાલના કેસમાં ફરીયાદી તરફે આંક ૮૯ થી અર્જુનભાઈ કેશરભાઈ ખેર ને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તારીખ ૨૫/૧૦/૨૦૧૩ ના તેઓ ફરજના ભાગ રૂપે પંચ વશંતભાઈ મગનભાઈ ઘેટીયાને સાથે રાખી સ્ટેશન રોડ, ધ્રોલ આવેલ ધારેશ્વર ડેરી ફાર્મ ફુડ સેફટી એકટ નીચે નમુનો લેવાની કામગીરી મા ગયેલ. આ સમયે સૌપ્રથમ પેઢીમા ધંધો સંભાળી રહેલ ભાઈને તેઓની હાજરીમા તેઓએ તેમની ઓળખ આપેલ ત્યાર બાદ પેઢીના માલીક બાબતે પુછતા તેમણે જણાવેલું કે આ પેઢી ભાગીદારી પેઢી છે અને પેઢીના ભાગીદાર બાવનજીભાઈ લાલજીભાઈ અઘેરા છુ અને ધંધો સંભાળુ છુ. ત્યારબાદ પેઢીમા પરવાના બાબતે પુછતા વેપારીએ જણાવેલ કે અમે ફુડ પરવાના માટે અરજી કરેલ છે ત્યારબાદ પેઢીમા પેક તથા લુસ દુધનુ નિરીક્ષણ કરેલ આ સમયે એક ટેન્કમાં રહેલ દુધ બાબતે પુછતા વેપારીએ જણાવેલ કે આ હોલ મિલ્ક છે જે અમો ગ્રાહકોને અમારા પૈકીંગમા રૂપીયા ચાલીસ પ્રતિ લીટર પ્રમાણે વેચાણ કરીએ છીએ આ ટાંકીમા ૨૫૦૦ લીટર દુધ છે. આ દુધનો નમુનો લેવાનુ નક્કી કરતા આ બાબતની વેપારીને મૌખીક જાણ કરેલ અને લેખીતમા ફોર્મ નંબર ૫ (એ) મા તેઓની પોતાની, વેપારી તથા પંચ સાહેદની સહીઓ સાથે કરેલ જેની એક નકલ વેપારીને આપેલી, તેની

સ્થળપ્રત હાલના કામે આંક ૯૦ થી રજુ કરેલ છે. ત્યારદબાદ નમુના માટે બે લીટર દુધ આપવાનું કહેતા વેપારીએ ફરીયાદી પોતાની સાથે લાવેલ પ્લાસ્ટીકની રંગગંધ ભેજ વિહીન વર્જીન દરેક બોટલોમાં ૫૦૦ એમ.એલ ટાંકના નળ ખોલી નળની ધારથી ભરેલ. ત્યારબાદ આ નમુનાની ખરીદી પેટે રૂપીયા ૮૦/- ફરીયાદી એ વેપારીને રોકડા ચુકવેલા જેની સ્થળપત પહોંચ બનાવેલ જેમા પોતાની, વેપારી અને પંચની સહી છે જે હાલના કામે આંક ૯૧ થી રજુ કરેલ છે ત્યારબાદ નમુનાની ચારેય બોટલોને ઢાકણથી ચુસ્ત રીતે બંધ કરેલ, બોટલ તથા ઢાકણ પર આવે તે રીતે કમિશ્નર ઓફ ફુડ સેફટી એફએસઓ નંબર ૪૦ માર્કાની સીલ લાખ થી દરેક બોટલો પર લગાવેલ ત્યારબાદ જરૂરી વિગતો ભરેલ પોતાની, વેપારી અને પંચની સહી સાથે ના લેબલ તૈયાર કરી દરેક બોટલ પર ગુંદર થી ચીપકાવેલા જે લેબલ ની સ્થળપ્રત હાલના કામે આંક ૯૨ થી રજુ કરેલ છે ત્યારબાદ દરેક બોટલને બ્રાઉન પેપર વીટાળી છેડા ગુંદર થી ચીપકાવેલા ત્યારદબાદ તેઓએ સાથે લાવેલ ડેજીગ્નેટેડ ઓફીસર જામનગર ની સહી તથા કોડ અને સિરીયલ નંબર ૧૬ / એફડીએ / જેએમએન / એચકયુ-૧ / ૫૫ / ૨૦૧૩ વાળી પેપર સ્લીપ દરેક બોટલ પર તળીયે થી મો તથા મો થી તળીયે સંપુર્ણ આવે તે રીતે ગુંદર થી ચીપકાવેલ. ત્યારબાદ દરેક નમુનાના ભાગે જાડા મીણીયા દોરા વડે એવી રીતે બાંધવામાં આવેલ કે દોરાની ગાઠ બોટલના મો પર આવે તથા સાઈડ પર બે ક્રોસ થાય. ત્યારબાદ નમુના ના દરેક ભાગ પર ઉપરોકત માર્કાના સીલ લાખ થી એવી રીતે લાગાવેલ કે એક સીલ દોરાની ગાઠ પર આવે અને બે સીલ સાઈડના ક્રોસ પર આવે અને એક સીલ તળીયે આવે તે રીતે લાગાવેલ. ત્યારબાદ આ તૈયાર થયેલ

નમુનાના દરેક ભાગ પર તેઓએ પોતાની, વેપારી અને પંચ સાક્ષી એ પેપર સ્લીપ અને રેપર પર ક્રોસ સહીઓ કરેલી અને નમુનાને ચારેય બાજુ આગળની કાર્યવાહી માટે તેઓએ કબ્જે લીધેલ, આ કરેલ કાર્યવાહીની સ્થળ પર પંચનામું કરેલુ જેમા પંચની તથા પોતાની સહી છે જે અસલ હાલના કામે આંક ૯૩ થી રજુ કરેલ છે ત્યારબાદ નમુનાનો એક ભાગ મેમોરેન્ડમ ફોર્મ નંબર ૬ સાથે રાખી બ્રાઉન પેપર મા પેક કરી લાકડાના ખોખામા ફુડ એનાલીસીસ - વડોદરાને એસ.ટી. પાર્સલ થી મોકલાવેલ જે મેમોરેન્ડમ ફોર્મ નંબર ૬ અસલ દાખલ આંક ૯૪ થી રજુ કરેલ છે અને ફૂડ એનાલીસીસ નુ ફોરવર્ડીંગ પત્ર ની સ્થળપ્રત હાલના કામે આંક ૯૫ થી રજુ કરેલ છે અને આ નમુના એસ.ટી. પાર્સલથી મોકલેલ હોય જે એસ.ટી. પાર્સલની રસીદ હાલના કામે આંક ૯૬ થી રજુ કરેલ છે. વધુમાં નમુનાના ત્રણ ભાગ ડેજીગ્રેટેટ ઓફીસર, જામનગરની ઓફીસ ખાતે રૂબરૂ સુપરત કરેલ જેની પહોંચ મેળવેલ જે પહોંચ હાલના કામે આંક ૯૭ થી રજુ કરેલ છે ત્યારબાદ નમુનામાં વપરાયેલ સીલ ઈમપ્રેશન તથા મેમોરેન્ડમ અલગ ફુડ એનાલીસીસ, વડોદરાને રજીસ્ટર એડી થી મોકલેલ જેની રજીસ્ટર એડી ની સ્લીપ હાલના કામે આંક ૯૮ થી રજુ કરેલ છે અને મેમોરેન્ડમ તથા નમુનો નિયમ મુજબ ફુડ એનાલીસીસ, વડોદરાને મળ્યા બાબતની પહોંચ પાઠવેલી તે પહોંચ હાલના કામે આંક ૯૯ થી કરેલ રજુ છે ત્યારબાદ આ નમુનો ફુડ એનાલીસીસ વડોદરાએ સબસ્ટાન્ડર્ડ જાહેર કરેલ જેનો રીપોર્ટ ફરીયાદી ને ડેજીગ્રેટેડ ઓફીસર, જામનગર એ કાર્યવાહી માટે મોકલેલ જેમા મિલ્ક ફેટ ૬ % ના બદલે ૫.૮% છે અને મિલ્ક સોલીડ નોટ ફેટ ૯ % ના બદલે ૭.૯૨ % છે જેથી આ નમુનો સબસ્ટાન્ડર્ડ જાહેર

થયેલ જે રીપોર્ટ હાલના કામે આંક ૧૦૦ થી રજુ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, આ કાયદા મુજબ આ નમુના રિપોર્ટની જાણ આરોપીઓને ડેજીગ્નેટેડ ઓફીસરે કરેલ અને કાયદા મુજબ રી-ટેસ્ટ કરાવવા માંગતા હોય તો અરજી કરવા જણાવતા આરોપીએ રેફરલ લેબોરેટરીમાં ફેર પૃથ્થકરણ કરાવવાની માંગણી કરતા આ નમુનો ડેજીગ્નેટેડ ઓફીસર જામનગરે રેફરલ લેબોરેટરી, ગાજીયાબાદને મોકલેલ જે લેબોરેટરીમાં મોકલ્યા બાબતનો ફોર વર્ડીંગ પત્રની નકલ હાલના કામે આંક ૧૦૧ થી રજુ કરેલ છે અને આ નમુનામાં રેફરલ લેબોરેટરી ના પૃથ્થકરણ મા મિલ્ક ફેટ ૬ % ના બદલે ૫.૪ % આવેલ મિલ્ક સોલીડ નોટ ફેટ ૯ X ના બદલે ૭.૮૬% આવેલ અને દુધમા સ્કીમ મિલ્ક પાવડરની હાજરી, યુરીયાની હાજરી તથા ગ્લુકોઝની હાજરી બતાવેલ જે ન હોવી જોઈએ તેથી નમુનો સબસ્ટાન્ડર્ડ અને અનસેઈફ જાહેર કરેલ જે રીપોર્ટ અને ફોરવર્ડીંગ પત્ર સાથે હાલના આંક ૧૦૨ થી રજુ કરેલ છે તથા રેફરલ લેબોરેટરી દવારા ફોર્મ એ જેની નકલ હાલના કામે આંક ૧૦૩ થી રજુ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, આ અનસેઈફ જાહેર થયેલ નમુના બાબતે ફુડ સેફટી એકટ મુજબ નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવાની થતી હોય તેના તમામ દસ્તાવેજો સાથે રાખી તેઓએ ડીજીગ્નેટેડ ઓફીસરની રજુઆત કરેલ જે અંગેનો પત્ર હાલના કામે આંક ૧૦૪ થી રજુ કરેલ છે. ત્યારબાદ ફુડ સેફટી એકટ મુજબ નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવાની મંજુરી આપવાની સત્તા ફુડ કમિશ્નર, ગાંધીનગરને હોય ડેજીગ્નેટેડ ઓફીસરે ફુડ સેફટી કમિશ્નર નાયબ કમિશ્નરને આ બાબતની મંજુરી આપવા નો પત્ર લખેલ જે પત્ર હાલના કામે આંક ૧૦૫ થી રજુ કરેલ છે. ત્યારબાદ આ કામમાં કમિશ્નરે નાયબ

કમિશ્નરને ફરીયાદ દાખલ કરવાની મંજુરી આપતો હુકમ હાલના કામે આંક ૧૦૬ થી રજુ કરેલ છે અને આ કામે નાયબ કમિશ્નર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગરે આ કામે આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરવાની લેખીત મંજુરીનો આદેશ આપેલ જે આદેશ હાલના કામે આંક ૧૦૭ થી રજુ કરેલ છે. ત્યારબાદ આ કામે પેઢીના બંધારણ બાબતે પેઢીની ભાગીદારી ડીડ મેળવેલી જેની નકલ હાલના કામે આંક ૧૦૮ થી કરેલ રજુ છે. ત્યારબાદ ફરીયાદી જણાવે છે કે, આ લેખીત મંજુરી આદેશ અનુસંધાને તેઓએ નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ જે આંક ૧ વાળી ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

આમ, ફરીયાદી નો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ તેમની ફરીયાદમાં જણાવ્યા મુજબ તમામ હકીકતનો પુરાવો આપેલ છે અને આરોપી પેઢીને ત્યાંથી તારીખ ૨૫/૧૦/૨૦૧૩ ના રોજ ફુડ સેફટી એકટ અને રૂલ્સ મુજબ નમુનો લીધેલ છે અને આ નમુનો પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ છે અને ફુડ એનાલીસ્ટ ના રીપોર્ટ મુજબ આ નમુનો સબસ્ટાન્ડર્ડ અને અનસેઈફ જાહેર થયેલ છે જેથી તેઓએ હાલની ફરીયાદ આરોપીઓ પર કરેલ છે તેવો પુરાવો આપેલ છે.

ઉપરોકત ફરીયાદી ની આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, ફુડસ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ હેઠળ ફુડસ સેફટી ઓફીસરે ટ્રેનીગ લેવાની હોય છે અને તેનુ પ્રમાણપત્ર તેઓને આપવામાં આવતુ હોય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ આવુ કોઈ

પ્રમાણ પત્ર આ કામે રજુ કરેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, નિયમ ૨.૪.૧.૭ મુજબ રેપર ઉપર સીલ મારવુ ફરજીયાત છે. વધુમાં તેઓને આંક ૯૩ બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે તેમા નમુના તરીકે વાપરેલ બ્રાઉન પેપર મજબુત હતુ તેવુ લખેલ નથી પરંતુ તેના છેડા અંદર ની બાજુએ વાળેલા હતા એવુ લખેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, બ્રાઉન પેપર મજબુત હતુ તેવુ મે મારી ફરીયાદ મા લખાવેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ પંચનામા દરમ્યાન જે કાઈ પણ કાર્યવાહી કરેલી તે તેઓની સરતપાસ મા લખાવેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ફુડસ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની જોગવાઈ મુજબ ફુડ સેફટી ઓફીસરે, ફુડ એનાલીસ્ટ અને તેઓના ખાતા વડા(ડીઓ) તમામ જોગાવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનુ હોય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૯૦ ના નમુના ૫ (એ) મા તમામ હકીકત ખરી લખવાની હોય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ તેઓની સમક્ષ તૈયાર કરેલા કાગળોનો ડીઓશ્રી સમક્ષ રજુ કર્યા બાદ ડીઓશ્રી દ્વારા તેઓનો કોઈ ખુલાસો પુછવામા આવેલ નથી કે અધુરાસ બાબતે કાઈ કહેલુ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ ડીઓશ્રી સમક્ષ રજુ કરેલા કાગળો નો અભ્યાસ કર્યા બાદ તેમા તેઓશ્રી નું માઈન્ડ એપ્લાય કર્યા બાદ તેમને ફરીયાદ દાખલ કરવા અને મંજુરી મેળવવા માટે મોકલવાનુ હોય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, કોઈ પણ કાગળો-દસ્તાવેજો ફુડ ઈન્સપેકટર દ્વારા ડીઓશ્રી સમક્ષ રજુ થાય ત્યારપછી તેમા કાઈ ભુલ હોય કે કાઈ માહીતી ખુટતી હોય તે માહીતી પુરી કર્યા બાદ મંજુરી અર્થે મોકલવામાં આવે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, જે તે વખતે ગુજરાતમાં ફુડ એનાલીસ્ટ માટે ત્રણ લેબોરેટરી હતી. જેમા બરોડા, રાજકોટ અને

ભુજમા હતી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૯૯ ના પેરા ૧ ની બીજી લાઈનમા " એસટી/ટપાલ/મેસેન્જર", "લાકડા/લોખંડનીપેટી/પુઠા", અને છેલ્લી લાઈનમા "નકલ મળેલ છે/નથી" તેમા કોઈ જગ્યાએ ટીક કરવામા આવેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૯૯ ના પેરા ૧ માં "આપના તરફ થી તારીખ ૦૨.૧૧.૧૩ ના રોજ રસીદ નંબર ૫૫ થી ૫૬ વાળુ નમુનાઓનુ પાર્સલ અંગેનો ઉલ્લેખ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૯૯ ના પેરા ૨ માં ટપાલ/મેસેન્જર માં ટીક કરેલ નથી.

વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે, તેઓએ મંજુરી મેળવવા માટે તેઓના ડીઓશ્રી એલ. એ. પઠાણ સમક્ષ રજુ કરેલા. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ડીઓ શ્રી એલ. એ. પઠાણ સિનીયર ફુડ સેફટી ઓફીસર હતા અને ડીઓ શ્રી ના ચાર્જ માં હતા. વધુમાં તેઓ સ્વીકારે છે કે, જામનગર માં જે તે વખતે ડીઓશ્રી ની કાયમી પોસ્ટ મંજુર કરેલી હતી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, કોઈ પણ વ્યકતી ને રજીસ્ટર્ડ પોસ્ટ એડી કરવામાં આવે ત્યારે પોસ્ટ ખાતા તરફ થી તેની પ્હોચ આપવામા આવે અને પરત આવે ત્યારે એકનોજમેન્ટ પરત આવે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૯૦ ની જાણ આરોપી નંબર ૨ થી ૬ વાળા ને રજીસ્ટર્ડ પોસ્ટ થી કરેલ હોય તેની પહોચ હાલના કામે રજુ કરેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૯૦ વાળી જાણ આરોપી નંબર ૨ થી ૬ ને કરેલ નથી. આ તબકકે ફરીયાદી ખુલાસો કરે છે કે, આરોપી નંબર ૨ થી ૬ વાળા એ નંબર ૧ ના ભાગીદારો છે એટલે જાણ કરેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૧૦૦ ની જાણ આરોપી નંબર ૨ થી ૬ ને કરેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ફુડ સેફટી સ્ટાન્ડર્ડ ૨૦૦૬ ની કલમ

૪૬(૪) મુજબ બધા આરોપીઓને જાણ કરવી ફરજીયાત છે. ફુડ ઓપરેટર જે ખાધ્ય પદાર્થોનો ધંધો કરતો હોય તેનો સમાવેશ થાય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આરોપી નંબર ૨ થી ૬ ના ફુડ ઓપરેટર ન હતા. વધુમાં ફરીયાદી ને આંક ૧૦૭ બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે તેમા શ્રીમતી ડી.આર.ચૌહાણ એ કેસ દાખલ કરવાની મંજુરી આપેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ શ્રીમતી ડી.આર.ચૌહાણ ને સહી કરતા રૂબરૂ જોયેલા નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, નમુના નો એક ભાગ તારીખ ૨૫/૧૦/૨૦૧૩ નાં રોજ ફુડ એનાલીસીસ્ટ વડોદરાને મોકલેલો. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૯૫ માં જણાવ્યા મુજબ સીલ ઈમ્પ્રેશન તારીખ ૨૮/૧૦/૨૦૧૩ નાં રોજ મોકલેલ. વધુમાં તેઓને આંક ૧૦૦ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે ફુડ એનાલીસીસ્ટ વડોદરાને તેમાં જણાવ્યા મુજબ તારીખ ૨૦/૧૦/૨૦૧૩ નાં રોજ તેઓને નમુનાં અને સીલ મળેલ છે તેવુ પેરા ૨ માં લખેલ છે. તેઓ વધુમા સ્વીકારે છે કે, આંક ૧૦૦ માં તારીખ ૨૦/૧૦/૨૦૧૩ નાં રોજ જે સેમ્પલ મળેલ છે તે અંગે દર્શાવેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ધારેશ્વર ડેરીના ફુડ ઓપરેટર કોણ હતા તેની તેઓએ તપાસ કરેલી નથી. આ તબકકે ફરીયાદી ખુલાસો કરે છે કે ભાગીદાર ના બંધારણ ની કોપી મેળવેલ હતી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, કોઈ નમુનો યોગ્ય રીતે લેવામા ન આવે અને પૃથ્થકરણ યોગ્ય રીતે ન કરવામા આવે તો તેના રીઝલ્ટ મા ફેરફાર આવે છે. વધુમાં તેઓને આંક ૧૦૦ બતાવવા મા આવે છે તે જોઈને કહે છે કે તેના પેરા ૩ મુજબ તારીખ ૦૬.૧૧.૨૦૧૩ થી તારીખ ૦૭.૧૧.૨૦૧૩ સેમ્પલ નુ પૃથ્થકરણ થયેલ છે અને તેનો રીપોર્ટ તારીખ ૦૨.૧૨.૨૦૧૩ ના રોજ મોકલવામા આવેલ છે. વધુમાં

તેઓ સ્વીકારે છે કે, આ કાયદા ની કલમ ૪૬(૩) મુજબ પૃથ્થકરણ અધીકારીએ નમુનો મળ્યાના દિન ૧૪ મા તેનુ પૃથ્થકરણ કરવાનું હોય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ બોટલ મા સેમ્પલ લીધેલુ. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આરોપી નંબર ૨ થી ૬ વાળાને કલમ ૪૬(૪) મુજબની નોટીસ આપેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ નોટીસ ન મળે તો આરોપીઓને ફેર ચકાસણી ના હકકો મળતા નથી.

આમ, ફરીયાદી ની ઉપરોકત ઉલટ તપાસ ધ્યાને લેતા ફરીયાદી એ આરોપી પેઢીના ત્યાંથી નમુનો લેતી વખતે અને પૃથ્થકરણ માટે મોકલતી વખતે ફુડ સેફટી એકટ અને રૂલ્સ નુ યોગ્ય રીતે પાલન કરેલ નથી તેમજ ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવાઓ માં મહત્વ ની હકીકતોમાં શંકા ઉત્પન્ન થાય છે તેવો આરોપી તરફે બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે.

9. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૧૧૯ થી વસંતભાઈ મગનભાઈ ઘેટીયા ને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તારીખ ૨૫/૧૦/૨૦૧૩ ના રોજ બપોરે એક થી દોઢ વાગ્યાની આસપાસ તેઓએ ધ્રોલ મુકામે આવેલ ધારેશ્વર ડેરી પાસેથી પસાર થતા હતા ત્યારે તેઓને ફુડ ઈન્સપેકટ ખેર સાહેબે તેઓને ડેરીએ પંચ તરીકે બોલાવેલ હતા ત્યારે ખેર સાહેબે તેઓને પોતાની ફુડ ઈન્સ્પેકટર તરીકેની ઓળખ આપેલ જેથી તેઓ પંચ તરીકે રહેવા તૈયાર થયેલ ત્યારબાદ ડેરી ઉપર તેઓ ગયેલા ત્યારે ડેરીવાળા ભાઈએ દુધની કોથળીઓ બતાવેલી આ કોથળીઓ ને તોડીને ગરમ કરેલુ અને ખેર સાહેબ પાસે ચાર

પ્લાસ્ટીક ની બરણીઓ હતી તેમા આ દુધ નાખેલુ આ દુધ સિવાય બીજુ કાઈ નાખેલુ નહી અને આ બરણીઓ મા સીલ મારેલુ આ દુધ ખરીદ્યા અંગે રૂપીયા ૮૦/- ની ચુકવણી ખેર સાહેબે કરેલી હતી. વધુમાં તેઓ જણાવે છે કે, ફુડ ઈન્સપેકટર એ બરણીઓ ને પ્લાસ્ટીકનુ આવે તેનાથી સીલ મારેલુ તેઓને આજરોજ આંક ૯૩ વાળુ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમા પંચ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

આમ, ઉપરોકત પંચ સાક્ષી ફરીયાદી એ કરેલ નમુના ની કાર્યવાહી ને સમર્થન કરેલ છે પરંતુ તેઓ માત્ર આંક ૯૩ ના પંચનામા ની સહી ઓળખી બતાવે છે પરંતુ તેઓએ આંક ૯૩ ના પંચનામા બાબતે કોઇ સ્પષ્ટ અને વિગતવાર પુરાવો આપેલ નથી જેથી આંક ૯૩ ના પંચનામા ની હકીકત સાબિત થયેલ નથી.

ઉપરોકત પંચ સાક્ષી ની આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, ધારેશ્વર ડેરીમાં ફુડ ઈન્સપેકટરે પોતાની ઓળખ આપેલી નહી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ફુડ ઈન્સપેકટરે પોતાના થેલામા બરણીઓ લઈને આવેલ અને તે બરણીઓ ના ઢાકણા ખુલ્લા હતા. વધુમાં તેઓ સ્વીકારે છે કે, બરણીઓ ધુળ વાળી હતી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તે બરણીઓમાં દુધ નાખીને બરણીઓ સીલ કરી દીધેલી.

આમ, ઉપરોકત ઉલટ તપાસમાં ફરીયાદી એ નમુનો લેતી વખતે ચોખ્ખાઇ રાખેલ નથી તેવો બચાવ આરોપીઓ તરફે ઉલટ તપાસમાં લેવામાં આવેલ છે.

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

10. હાલના કેસમાં ફરીયાદીપક્ષ નો ઉપરોકત ફરીયાદી અને પંચ સાક્ષીનો પુરાવો એકસાથે ધ્યાને લેતા ફરીયાદી એ આંક ૮૯ ની જુબાનીમાં **બોટલોમાં** દુધ નો નમુનો લીધેલ તેવુ જણાવેલ છે, જયારે આંક ૧૧૯ થી પંચ સાક્ષીએ **બરણીઓમાં** દુધનો નમુનો લીધેલ તેવુ જણાવેલ છે જેથી કયા વાસણમાં નમુનો લીધેલ તે હકીકત માં મહત્વનો વિરોધાભાસ આવે છે. વધુમાં ફરીયાદી એ આંક ૮૯ ની જુબાનીમાં પ્લાસ્ટીકની **રંગગંધ ભેજ વિહીન વર્જીન બોટલો હતી** તેમાં દુધ નો નમુનો લીધેલ તેવુ જણાવેલ છે, જયારે આંક ૧૧૯ થી પંચ સાક્ષીએ નમુનો લીધેલ તે **બરણીઓ ધુળ વાળી હતી** તેવુ જણાવેલ છે જેથી પણ નમુનો જે વાસણમાં લીધેલ તે ચોખ્ખી હતી કે કેમ તે બાબતે મહત્વનો વિરોધાભાસ આવે છે. જેથી આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ ૨૦૧૧ ના રૂલ્સ ૨.૪.૧.૭ ધ્યાને લેતા નીચે મુજબ છે.

2.4.1.7. Sample of article of Food for the purpose of analysis **shall be taken in clean dry bottles or jars** or in other suitable containers which shall be closed to prevent leakage, evaporation or to avoid entrance of moisture in case of dry substance and shall be carefully sealed:

આમ, ઉપરોકત ફરીયાદી અને પંચ સાક્ષી નો પુરાવો એકસાથે ધ્યાને લેતા દુધ નો નમુનો ચોખ્ખી બોટલ કે બરણીમાં લેવામાં આવેલ હતો કે કેમ તે અંગેની મહત્વની હકીકતોમાં વિરોધાભાસ સાબિત થતો હોઇ ફરીયાદપક્ષ ના કેસમાં શંકા ઉત્પન્ન થાય તેમ છે.

11. વધુમાં ફરીયાદીપક્ષ નો ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ આંક ૮૯ ની જુબાનીમાં સાક્ષીના રૂબરૂ નમુનો લીધેલ છે તેવો પુરાવો આપેલ છે પરંતુ આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ ૨૦૧૧ ના ૨.૪.૧ (૧) અને (૨) ધ્યાને લેતા નીચે મુજબ છે.

RULE 2.4 : Sampling and Analysis

2.4.1: Procedure for taking sample and manner of sending it for analysis.-

The Food Safety Officer while taking sample of food for analysis under Clause A of sub-section (1) of Section 38 and Section 47 [except 47(5)] of the Act, **shall also follow the procedure specified hereunder:-**

1. Shall call one or more witnesses at the time of lifting of the samples.

2. **Obtain the signatures from the witnesses in all the forms and documents prepared.**

આમ, ઉપરોકત રૂલ્સ ધ્યાને લેતા તેમાં ‘shall’ શબ્દ પ્રયોજવામાં આવેલ છે જેથી તે મુજબ ફુડ સેફટી ઓફીસર એ સેમ્પલીંગ વખતે અને એનાલીસીસ માટે મોકલતી વખતે તમામ કાર્યવાહીના નમુના અને દસ્તાવેજ માં સાક્ષી ની સહી લેવી

ફરજીયાત છે પરંતુ હાલના કેસમાં ફરીયાદી એ આપેલ આંક ૮૯ નો પુરાવો ધ્યાને લેતા હાલના કામે રજુ થયેલ આંક ૯૪ મુજબ ફૂડ એનાલીસ્ટ, વડોદરાને નમુનો એસ.ટી પાર્સલ થી તારીખ ૨૫/૧૦/૨૦૨૩ ના રોજ મોકલેલ ફોર્મ ૬ અને આંક ૯૫ મુજબ ફૂડ એનાલીસ્ટ ને રજી.પો.એડી થી તારીખ ૨૮/૧૦/૨૦૧૩ ના રોજ મોકલેલ (સ્પેશીમેન સીલ ઈમ્પ્રેશન સહિત) નો પત્ર ધ્યાને લેતા તેમાં ઉપરોકત જણાવ્યા મુજબ રૂલ્સ ૨.૪.૧ (૨) મુજબ પંચ સાક્ષી ની સહી લેવામાં આવેલ નથી અને શા માટે પંચ સાક્ષીની સહી લેવામાં આવેલ નથી તે અંગે ફરીયાદી એ કોઇ પુરાવો પણ આપેલ નથી.

આમ, ફરીયાદી એ લીધેલ નમુના બાદ આ નમુના ને એનાલીસીસ માટે મોકલવાની કાર્યવાહી માં પંચ સાક્ષી ની સહી લીધેલ નથી જેથી ઉપર જણાવ્યા મુજબ રૂલ્સ ૨.૪.૧ (૨) નો ભંગ થયેલ છે તે સાબિત થાય છે.

આમ, ફરીયાદી નો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ સેમ્પલીંગ કર્યા બાદ એનાલીસીસ માટે મોકલવા માટે નિયમો નો ભંગ કરેલ છે જેથી ફરીયાદપક્ષ ની ઉપરોકત સેમ્પલીંગ અને એનાલીસીસી માં મોકલેલ કાર્યવાહીમાં માં શંકા ઉત્પન્ન થાય છે જેથી હાલના કામે રજુ થયેલ ફરીયાદી નો પુરાવો ફરીયાદપક્ષ ની હકીકત સાબિત કરવા માટે વિશ્વસનીય કહી શકાય તેમ નથી.

12. વધુમાં હાલના કામે આંક ૧૦૦ ના ફુડ એનાલીસ્ટ ના રીપોર્ટ ની જાણ આરોપીઓ ને કરવામાં આવેલ હોય તેવો કોઇ પત્ર ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આંક ૧૦૦ ના ફુડ એનાલીસ્ટ ના રીપોર્ટ ની જાણ આરોપીઓ ને

કરવામાં આવેલ નથી તે હકીકત બાબતે ફરીયાદી આંક ૮૯ ની જુબાની માં સ્વીકારે છે. આમ, ઉપરોકત પુરાવાના આધારે આરોપીઓ તરફે બચાવ લેવામાં આવેલ છે કે આરોપીઓને ફેર પૃથ્થકરણ ની જાણ નિયમ મુજબ કરવામાં આવેલ નથી જેથી આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની કલમ ૪૬(૪) ધ્યાને લેતા નીચે મુજબ છે.

FOOD SAFETY AND STANDARDS ACT, 2006

Section 46 (4) An appeal against the report of Food Analyst shall lie before the Designated Officer who shall, if he so decides, refer the matter to the referral food laboratory as notified by the Food Authority for opinion.

વધુમાં આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ ૨૦૧૧ ના રૂલ્સ ૨.૪.૫.૧ તથા ૨.૪.૬.૧ ધ્યાને લેતા નીચે મુજબ છે.

FOOD SAFETY AND STANDARDS RULES, 2011

2.4.5: Food business operator's right to have the food analysed

1. In case the Food business operator from whom the sample has been taken or the person whose name and address and other particulars have been disclosed under Rule 2.5 of these rules, desires to have the fourth part of the sample analysed, he shall request the Food Safety Officer in writing to send the sample to any NABL accredited/FSSAI notified

laboratory for analysis under intimation to the Designated Officer.

2.4.6: Appeal to the Designated Officer

1. When an appeal as provided under sub-section (4) of Section 46 is preferred to the Designated Officer by the Food Business Operator against the report of the Food Analyst, the Designated Officer, shall if he so decides, within thirty days from the receipt of such appeal after considering the material placed before him and after giving an opportunity to Food Business Operator to be heard shall forward one part of the sample to the referral lab. Such appeal shall be in Form VIII which shall be filed within 30 days from the date of the receipt of the copy of the analysis report from the Designated Officer. Report of the referral laboratory shall be final in this regard.

આમ, ઉપરોકત કલમ ૪૬ (૪) અને રૂલ્સ ૨.૪.૫.૧ તથા ૨.૪.૬.૧ મુજબ ફુડ એનાલીસ્ટનો રીપોર્ટ આવ્યા બાદ આરોપીઓ તે રીપોર્ટ પર અપીલ કરી શકે છે અને ફુડ નો નમુનો રેફરલ લેબોરેટરીમાં ફેર ચકાસણી માટે મોકલવાની તક આરોપીઓને આપવી જોઈએ પરંતુ હાલના કેસમાં આરોપીઓને આંક ૧૦૦ થી રજુ થયેલ ફુડ એનાલીસ્ટ નો રીપોર્ટ ની જાણ કરવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી. વધુમાં ફરીયાદી એ આંક ૮૯ ની

જુબાની માં સ્વીકારેલ છે કે આંક ૧૦૦ ના ફુડ એનાલીસ્ટ ના રીપોર્ટ ની જાણ આરોપીઓને કરેલ નથી. આમ, હાલના કેસના આરોપીઓને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ મુજબ કાયદાકીય રીતે જે તક મળવી જોઈતી હતી તે હાલના કેસમાં આપવામાં આવેલ નથી જેથી હાલના કેસમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ નો ભંગ થયેલ છે તે સાબિત થાય છે. જયારે મુળ ફરીયાદી તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આંક ૧૦૨ થી ફુડ નો નમુનો રેફરલ લેબોરેટરીમાં ફેરપૃથ્થકરણ કરવામાં આવેલ છે પરંતુ આંક ૧૦૦ નો ફુડ એનાલીસ્ટ નો રીપોર્ટ આવ્યા બાદ શા માટે આરોપીઓને જાણ કર્યા વગર રેફરલ લેબોરેટરીમાં ફેરપૃથ્થકરણ કરાવેલ છે તેનો કોઇ ખુલાસો ફરીયાદી તરફે કરવામાં આવેલ નથી જેથી ફરીયાદપક્ષ ની હકીકત માં શંકા ઉત્પન્ન થાય છે.

આમ, ઉપરોકત જણાવ્યા મુજબ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ની કલમ ૪૬ (૪) અને રૂલ્સ ૨.૪.૫.૧ તથા ૨.૪.૬.૧ મુજબ આવ્યા બાદ આરોપીઓ ને કાયદાકીય તક આપવામાં આવેલ નથી તે સાબિત થાય છે તેમ છતા ફુડ વિભાગના તમામ અધિકારીઓએ કેસ પેપર્સ જોયા વિના અને માઇન્ડ એપ્લાય કર્યા વિના હાલના આરોપીઓ સામે કેસ કરેલ છે તે હકીકત સાબિત થાય છે.

13. વધુમાં હાલના કામે આંક ૧૦૦ નો ફુડ એનાલીસ્ટ નો રીપોર્ટ ધ્યાને લેતા ફુડ નો નમુનો તારીખ ૨૦/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ છે અને તારીખ ૦૬/૧૧/૨૦૧૩ થી ૦૭/૧૧/૨૦૧૩ સુધીમાં પૃથ્થકરણ કરેલ છે જેથી રૂલ્સ ૨.૪.૨.૫ મુજબ ૧૪ દીવસ નો સમય આપવામાં આવેલ છે તે નિયમનો ભંગ થયેલ છે તેવી આરોપી તરફે

દલીલ કરવામાં આવેલ છે જેથી આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ ૨૦૧૧ ના રૂલ્સ ૨.૪.૨.૫ ધ્યાને લેતા નીચે મુજબ છે.

FOOD SAFETY AND STANDARDS RULES, 2011

2.4.2.5. On receipt of the sample, the Food Analyst shall analyse or cause to be analysed the sample and send the analysis report mentioning the method of analysis. The analysis report shall be as per Form VII-A and four copies of the same shall be sent to the Designated Officer under whose jurisdiction the Food Safety Officer functions or the purchaser of article of food. **The analysis report shall be signed by the Food Analyst and such report shall be sent within fourteen days of the receipt of the sample by the Food Analyst.**

આમ, ઉપરોકત નિયમ મુજબ નમુનો ફુડ લેબોરેટરી એ નમુનો મેળવ્યા બાદ પૃથ્થકરણ કરી ચૌદ દીવસ ની અંદર રીપોર્ટ મોકલવો ફરજીયાત છે જયારે હાલના કેસમાં ફરીયાદી તરફે રજુ થયેલ આંક ૧૦૦ થી રજુ થયેલ ફુડ એનાલીસ્ટ નો રીપોર્ટ ધ્યાને લેતા ફુડ એનાલીસ્ટ રીપોર્ટ મુજબ નમુનો ફુડ એનાલીસ્ટ લેબ ને તારીખ **૨૦/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ છે** અને તેઓએ તારીખ તારીખ **૦૬/૧૧/૨૦૧૩ થી ૦૭/૧૧/૨૦૧૩ વચ્ચે એનાલીસ્ટ કરેલ છે** તેવુ જણાવેલ છે. આમ, ઉપરોકત તારીખ ધ્યાને લેતા ફુડ એનાલીસ્ટ એ નમુનો મળ્યાના અંદાજીત

૧૭ દિવસ બાદ એનાલીસ્ટ કરેલ છે જેથી તેઓ પંદર દિવસ ની અંદર રીપોર્ટ પરત મોકલી શકે નહી તે હકીકત રેકર્ડ પર સાબિત થયેલ છે જેથી અગાઉ ઉપર જણાવ્યા મુજબ રૂલ્સ ૨.૪.૨.૫ નો ભંગ થયેલ છે તે સાબિત થાય છે.

14. વધુમાં હાલના કેસમાં ફરીયાદી એ આંક ૮૯ માં આપેલ પુરાવા મુજબ તેમજ આંક ૯૦ થી ૯૩ ના સુધીના દસ્તાવેજો ધ્યાને લેતા આરોપીઓ પાસેથી ફુડ નો નમુનો તારીખ ૨૫/૧૦/૨૦૧૩ માં લેવામાં આવેલ છે અને ફરીયાદી તરફે રજુ થયેલ આંક ૯૬ ની એસ.ટી. ની રસીદ ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદી એ લીધેલ નમુનો ફુડ એનાલીસ્ટ લેબ ને તારીખ **૨૫/૧૦/૨૦૧૩ ના રોજ મોકલેલ છે** જયારે હાલના કામે રજુ થયેલ આંક ૧૦૦ નો ફુડ એનાલીસ્ટ રીપોર્ટ ધ્યાને લેતા નમુનો ફુડ એનાલીસ્ટ લેબ ને તારીખ **૨૦/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ છે.** આમ, બે વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં ફુડ નો નમુનો લીધા મોકલ્યો તે પહેલા ફુડ એનાલીસ્ટ એ નમુનો મેળવેલ છે જેથી કઇ તારીખે નમુનો મોકલેલ છે અને કઇ તારીખે ફુડ એનાલીસ્ટ ને નમુનો મળેલ છે તે મહત્વની હકીકત અંગે વિરોધાભાસ સાબિત થાય છે જેથી ફરીયાદપક્ષ ની હકીકતમાં શંકા ઉત્પન્ન થાય છે.

15. આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદીપક્ષ તરફે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને હાલના કેસમાં અગાઉ ઉપર જણાવ્યા મુજબ નિયમોનો ભંગ થયેલ છે તેમજ ફરીયાદી તરફે યોગ્ય અને સચોટ પુરાવો રજુ કરવામાં આવેલ નથી જેથી ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવાઓમાં

અગાઉ ઉપર જણાવ્યા મુજબ મહત્વની હકીકતોમાં વિરોધાભાસ સાબિત થયેલ હોઇ ફરીયાદપક્ષ નો પુરાવો વિશ્વસનીય જણાઇ આવેલ નથી જેથી ફરીયાદપક્ષ ના કેસમાં શંકા ઉત્પન્ન થયેલ હોઇ ફરીયાદીપક્ષ હાલના કેસના આરોપીઓ સામે નિ:શંકપણે કેસ પુરવાર થઇ શકે તેવો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

1. હાલના કેસના આરોપીઓ (૧) બાવનજીભાઈ લાલજીભાઈ અઘેરા (નમુનો આપનાર તથા પેઢીના ભાગીદાર ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી, પ્લોટ નંબર ૧, ધ્રોલ, જી.જામનગર (૨) છગનભાઈ કે. વાસજાળીયા (ભાગીદાર) ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી, પ્લોટ નંબર ૧, ધ્રોલ, જી.જામનગર (૩) કમલેશ.આર.વાસજાળીયા (ભાગીદાર) ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી, પ્લોટ નંબર ૧, ધ્રોલ, જી.જામનગર (૪) અશ્વિનભાઈ.પી.બોળા (ભાગીદાર) ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી, પ્લોટ નંબર ૧, ધ્રોલ, જી.જામનગર (૫) પરેશભાઈ એમ. વાસજાળીયા (ભાગીદાર) ધારેશ્વર ડેરી ફાર્મ, રેલ્વે સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી, પ્લોટ નંબર ૧, ધ્રોલ, જી.જામનગર (૬) ધારેશ્વર ડેરી ફાર્મ (પેઢી) રેલ્વે સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી, પ્લોટ નંબર ૧, ધ્રોલ, જી.જામનગર ઉપરોકત તમામ આરોપીઓને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને તે અન્વયેના નિયમની કલમ ૨૬ (૧), ૨૬ (૨) (૧), ૨૬ (૨) (૨) અને ૨૬ (૨) (૫) અને ૨૭ (૧) તેમજ ૨૭ (૨) (સી) (૫) મુજબનો ગુન્હો કરેલ છે અને ૫૦ તથા ૫૧ મુજબ

સબસ્ટાન્ડર્ડ તથા અનસેફ ને લઈને કલમ ૫૯ (૧) મુજબ ના ગુનાઓમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

2. ઉપરોકત જણાવેલ આરોપી એ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂપીયા ૨૦,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમના જાત જામીન છ મહીના સુધીના રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૬ ના એપ્રીલ મહીના ની તારીખ ૨૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૨૮/૦૪/૨૦૨૬

ધ્રોલ.

(મિલાપ એ. કોટડીયા)

(કોડ નંબર જીજે૦૧૬૩૪)

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

ધ્રોલ.